
ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૬.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૬ ટકા ● સાંજે ૨૪ ટકા

# ચ-માર્ગ પર બે કાર સામ સામે અથડાતા અકસ્માત



## અકસ્માતમાં પુરપાટ ઝડપે દોડી આવતી બંને કારના બોનેટ ફુરચા ઉડી ગયા હતા સદનસીબે કોઈ ઈજા નહી

ગાંધીનગર, તા.૫

શહેરના ચ માર્ગ પર સચિવાલય પોઈન્ટ બસ સ્ટેન્ડ સામે ગત રોજ રાત્રિના સમયે પુરપાટ ઝડપે દોડી આવતી બે કાર વચ્ચે જોરદાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બંને કારના બોનેટના ભાગના ફુરચા ઉડી ગયા હતા. જો કે અકસ્માતમાં સદનસીબે કોઈ પણ કાર ચાલક કે મુસાફરોને જાનહાની થઈ ન હતી. પરંતુ અકસ્માતને પગલે ટ્રાફિક જામ થવા પામ્યો હતો.

ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગો અકસ્માત ઝોન સાબિત થઈ રહ્યા છે. દરરોજ નાના-મોટા અકસ્માત બનવા પામે છે. જેમાં અનેક નિર્દોશ નાગરિકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે.

ગાંધીનગર શહેરના ચ માર્ગ પર સચિવાલય પોઈન્ટ બસ સ્ટેશન પાસે પુરપાટ ઝડપે દોડી આવતી બે કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ગમખ્વાર અકસ્માતમાં બંને કારના બોનેટના ભાગના રીતસરના ફુરચે ફુરચા ઉડી ગયા હતા. થોડી જ મિનીટોમાં રાહદારીઓ અને અન્યવાહન ચાલકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. અકસ્માતમાં સદનસીબે બંને કારના મુસાફરોમાંથી કોઈ પણ વ્યકિતને ઈજાઓ થવા પામી ન હતી. આ અકસ્માત પૈકી એક કાર રાજસ્થાન પાસિંગની હોવાનું પણ જાણવા મળ્યું હતું. અકસ્માત સર્જાતા ચ માર્ગ પર થોડી જ વારમાં ભારે ટ્રાફિક જામ થઈ ગયો હતો. જો કે પોલિસે મીનીટોમાં જ બનાવ સ્થળે દોડી આવી ટ્રાફિકને હળવો કરાવ્યો હતો. આ મામલે કોઈ પણ પ્રકારની પોલિસ ફરિયાદ નોંધાઈ નથી.

# ઘ-૫ ખાણી-પીણી બજારમાં ગંદકીનું સામ્રાજય ફેલાયુ

**બજારના વેપારીઓ જ ગંદકી ફેલાવી સ્વચ્છ ભારત અભિયાનના લીરે લીરા ઉડાવી રહ્યા છે : સફાઈ તંત્ર પણ વેપારીઓની સામે લાચાર દેખાઈ રહ્યું છે**

ગાંધીનગર, તા.૫

શહેરના ઘ-૫ વિસ્તારમાં આવેલ મુખ્ય ખાણી-પીણી બજાર હાલ સાફ સફાઈના અભાવે ગંદકીથી ખદબદી રહ્યું છે. આખા ખાણી-પીણી બજારની દુકાનોની આસપાસ ઠેર ઠેર ગંદકી જોવા મળી રહી છે. દુકાનદારો આજ ગંદકીની વચ્ચે ગ્રાહકોના આરોગ્યને હાની પહોંચાડે તેવો વિવિધ ખોરાક વેચી રહ્યા છે અને ખુલ્લેઆમ ગ્રાહકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરી રહ્યા છે. ગંદકીથી ખદબદતા આ ખાણીપીણી બજાર સામે જિલ્લા આરોગ્ય વિભાગની ટીમો પણ લાચાર બની તમામ તમાશો જોઈ રહી છે તે પણ સત્ય હકીકત છે.

શહેરના ઘ-૫ વિસ્તારમાં સરકાર દ્વારા ખાણીપીણી બજાર (ફુડ-કોર્ટ) બનાવવામાં આવ્યું છે. જયાં શહેરની અંદાજે ૧૦૦થી વધારે ખાણી-પીણી દુકાનો દરરોજ સવાર સાંજ ધમધમી રહી છે. શહેરના મોટા ભાગના નાગિરકો પણ આ ખાણીપીણી બજારમાં જ આવવાનું પસંદ કરે છે. હાલ આ ખાણી-પીણી બજારમાં દરરોજ મોટી સંખ્યામાં સ્વાદના રસીયા ચટાકેદાર અને સ્વાદિષ્ટ ભોજન અને ફાસ્ટ ફુડ ખાવા માટે આવતા નજરે પડે છે. ખાણી પીણી બજારમાં સ્વાદ રસિયાઓની ભીડને કારણે દુકાનદારો પણ તગડી કમાણી કરી રહ્યા છે. તેમ છતાં પણ આ દુકાનદારો પોતાની દુકાનની આસપાસ કોઈ પણ પ્રકારની સાફ સફાઈ રાખતા નથી. આ દુકાનદારો દુકાનનો એંઠવાડ, ગંદુ પાણી અને શાકભાજીનો કચરો જાહેરમાં ફેંકી દે છે. આથી હાલ આ ખાણી પીણી બજાર ગંદકીથી ખદબદી રહ્યું છે. બીજી તરફ ગંદુ પાણી ચારે બાજુ ફેલાયેલું જોવા મળે છે. જેથી મચ્છરો અને જીવજંતુઓનું પણ પ્રમાણ વધવા પામ્યું છે તેમ છતાં આ વેપારીઓ કોઈ પણ પ્રકારની સાફ સફાઈ રાખતા નથી અને આ ગંદકીથી ખદબદતા વિસ્તારમાં જ બિન્દાસ બની ગ્રાહકોના સ્વાસ્થ્યને નુકશાન કરે તેવું ફુડ અને ભોજન પીરસી રહ્યા છે અને ગ્રાહકોના આરોગ્યની સાથે ગંભીર ચેડાં કરી રહ્યા છે. બીજી તરફ આ જ દુકાનોમાં કામ કરતા કામદારો મજૂરો ખુલ્લામાં જ દુકાનોની પાછળના ભાગે પેશાબ અને સંડાસ કરી ગંદકી ફેલાવી રહ્યા છે જેને લીધે આસપાસમાંથી ચાલીને નીકળવું મુશ્કેલ બન્યું છે. આમ નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા વેપારીઓ સામે કોઈ પણ પ્રકારના પગલા લેવા માટે આરોગ્ય વિભાગ અને સાફ સફાઈ તંત્ર પણ હાલના તબક્કે લાચાર દેખાઈ રહ્યું છે તે પણ એક નગ્ન સત્ય છે. પાલિકાની સાફ સફાઈ ટીમો આ વેપારીઓની સામે પગલાં લઈ ગંદકી દૂર કરાવી સ્વચ્છતા અભિયાનને સાર્થક બનાવે તેવી માંગ ઉઠવા પામી છે.

## @ગાંધીનગર

● માર્ગ અને મકાન વિભાગ સચિવાલય દ્વારા રકતદાન શિબિર સવારે ૧૧.૩૦ થી બપોરે ૪.૩૦ કલાક દરમિયાન બ્લોક નં. ૧૪ના ગ્રાઉન્ડ ફલોર ખાતે યોજાશે.

● વર્લ્ડ ઈન બોકસ એકેડેમી ગાંધીનગર દ્વારા સવારે ૮ કલાકે ટાઉનહોલ ખાતે ફ્રી માર્ગદર્શન શિબિર યોજાશે.

## શુક્રવારે લાલાબાપાની પુણ્યતિથી ઉજવવામાં આવશે

ગાંધીનગર શહેર મોચી સમાજ દ્વારા ગૌરવસમા સંત શ્રી લાલાબાપાની પુણ્યતિથિની ઉજવણીનું ભવ્ય આયોજન મુકિતધામ ગાંધીનગર ખાતે તા. ૭મી એપ્રિલ શુક્રવારે સવારે નવ વાગે કરાયેલ છે. જેમાં મોટી સંખ્યામાં જ્ઞાતિબંધુઓને હાજરી આપવા મંત્રીશ્રી, ગાંધીનગર શહેર મોચી સમાજે જણાવેલ છે.

## ગાંધીનગરમાં સર્જક સાથે સંવાદ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે ૮મી એપ્રિલ ૨૦૧૮ને રવિવારે નમન એપાર્ટમેન્ટ સે-૨૧ ખાતે સાંજે ૫.૩૦ કલાકે 'સર્જક સાથે સંવાદ' કાર્યક્રમ યોજાશે. આ સાહિત્યિક કાર્યક્રમ સંસ્થાના પ્રમુખ નટવર હેડાઉના અધ્યક્ષસ્થાને યોજાશે. જેમાં ગાંધીનગરના જાણીતા મૂર્ધન્ય વરીષ્ઠ સાહિત્યકાર ડૉ.કેશુભાઈ દેસાઈ સહિત અનેક સાહિત્યકારો જોડાશે. આ કાર્યક્રમમાં નગરના મહાનુભાવો, સાહિત્કારો, સાહિત્ય રસિકો તથા ભાવિકોને પધારવા સંસ્થાના પ્રવકતા મૂળજીભાઈ પરમારે અનુરોધ કર્યો છે.

## સરગાસણ સર્કલ નજીક કાર ટકરાતા બિલ્ડર અને અધિકારી પુત્ર વચ્ચે મારામારી

**મામલો પોલિસ સ્ટેશન પહોંચ્યો, અંતે સમાધાન**

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર નજીક સરગાસણ સર્કલ પાસે સવારે સ્વીફટ ડીઝાયર અને બીજી એક ગાડી વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ડીઝાયર ગાડીમાંથી ઉતરેલા કાર ચાલક યુવાને પોતે આઈએએસ અધિકારીનો દિકરો હોવાની ઓળખ આપી રોફ મારવાનું શરુ કર્યું એટલે સામેની કારના ચાલક બિલ્ડરે ગાડી જોઈને ચલાવવા સુચન કર્યું હતું. બંને વચ્ચે બોલાચાલી બાદ આઈએએસનો દિકરો હોવાનો દમ મારી કાર ચાલકે બિલ્ડરને લાફા ઝીંકી દીધા હતા. બિલ્ડર શર્મા અને તેના બે મિત્રોએ પણ મિજાજ ગુમાવી સામે ઝીંકવાનું શરુ કરી દીધું હતું. મામલો સે-૭ પોલિસ સ્ટેશન પહોંચ્યો ત્યારે ખબર પડી કે આઈએએસના પુત્રની ઓળખ આપી રહેલો યુવાન એક ડે. એન્જીનીયરનો દિકરો હતો. ડે.એન્જીનીયર પણ પોલિસ સ્ટેશન આવી પહોંચ્યા હતા. દિકરાના ભવિષ્યને ધ્યાને રાખીને બંનેએ સમાધાન કરી પોલિસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું.

## કયાં ગયા ચકચકતાં બેડાં પાણિયારાં કયાં ગયાં ? ફ્રીઝવાસીઓ! તરસના એ સહારા કયાં ગયા?



'આપણી વાણી પીપળપાન, પોઢયા જાણે શ્રી ભગવાન' શિર્ષક સાથે ગુજરાત સાહિત્ય અકાદમીએ ગાંધીનગર ખાતે એક કવિ સંમેલનનું આયોજન કર્યું હતું.

'મારી ભાષા, મારું સાહિત્ય, મારું ગૌરવ'ને ઉજાગર કરતાં આ કાવ્ય મહેફિલમાં રાજેશ વ્યાસ 'મિસ્કીન', અનિલ ચાવડા, કનૈયાલાલ ભટ્ટ, પ્રજ્ઞા પટેલ, પ્રતાપસિંહ ડાભી 'હાકલ', રમેશ ચૌહાણ, નટવર હેડાઉ 'વનવિહારી', અક્ષય દવે, શૈલેષ પંડયા 'ભીનાશ' જેવા કવિઓએ પોતાની દમદાર કાવ્ય પ્રસ્તુતિ કરી હતી.

આ કાર્યક્રમના આયોજક ડૉ. અજયસિંહ ચૌહાણ મહામાત્ર-ગુજરાત સાહિત્ય અકાદમી અને સંયોજક તરીકે જાણીતા કવિ મનીષ પાઠક 'શ્વેત' હતા. આવેલ સૌ કવિઓનું પુષ્પથી સ્વાગત ગાંધીનગર સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત 'સ્વજન' દ્વારા કરવામાં આવ્યું જયારે કાર્યક્રમનું દમદાર સંચાલન ડૉ. જયેન્દ્રસિંહ જાદવ દ્વારા કરાયું. કવિઓની દમદાર કવિતા, ગઝલ, શેરને પ્રેક્ષકો તરફથી ભરપુર દાદ મળી હતી. આવા સજ્જ કાર્યક્રમમાં વધુ પ્રમાણમાં યુવાનો આવે એવી ઈચ્છા સૌ કવિઓએ કરી હતી.

## સે-૨૧માં એક મકાનમાંથી સ્કોચનો જથ્થો પકડાયો

ગાંધીનગર, તા.૫

શહેરના સેકટર-૨૧ ખાતે એક મકાનમાં વિદેશી દારૂની બ્રાન્ડેડ બોટલોનો જથ્થો સંતાડીને તે શખ્સ વેપાર કરતો હોવાની બાતમી આધારે ગઈ બપોરે સે-૨૧ પોલિસે મકાનમાં દરોડો પાડયો હતો. મકાનમાંથી માલ સંતાડનાર શખ્સ મળી આવ્યો ન હતો પરંતુ મકાનમાં તપાસ કરતા બ્રાન્ડેડ સ્કોચ સહિતની ૬૮ બોટલો પકડાઈ હતી રૂ. ૫૨,૫૦૦નો દારૂ જપ્ત કરી ફરાર દારૂના વેપારીને પકડવા સે-૨૧ પોલિસે કવાયત શરુ કરી છે.

સેકટર-૨૧ પી.આઈ. જે.બી. પંડિતની ડીસ્ટાફની ટીમને ચોકકસ માહિતી મળી હતી કે સે-૨૧ પ્લોટ નં. ૭૯૨/ડી ખાતે રહેતો ઘનશ્યામ જેસંગ મોદી એ આ મકાનમાં દારૂનો જથ્થો સંતાડયો છે અને દારૂનો વેપલો કરે છે. આ માહિતી આધારે દરોડો પાડી સે-૨૧ પોલિસે મકાનમાં સર્ચ કરતા અંદરથી ૧૮ નંગ ૧૦૦ પાઈપર સ્કોચ, ૨૩ નંગ વેટ ૬૯ સ્કોચ, ત્રણ મેકડોવેલ્સ સહિત ૬૮ નંગ બ્રાન્ડેડ દારૂની બોટલો મળી આવી હતી. સે-૨૧ પોલિસે રૂ. ૫૨,૫૦૦નો દારૂ કબ્જે લઈ ઘનશ્યામ જેસંગ સોમા મોદી નામના શખ્સ સામે ગુનો દાખલ કરી તેને શોધી કાઢવા તજવીજ શરુ કરી છે.

## કોબા-ઈન્દિરાબ્રીજ હાઈવે ઉપર હીટ એન્ડ રન : અજાણ્યા વાહનની અડફેટે અજાણી મહિલાનું મૃત્યુ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર નજીક કોબા-ઈન્દિરાબ્રીજ હાઈવે પર ગઈ કાલે સાંજે બેફામ જતા અજાણ્યા વાહને આશરે ૪૫ વર્ષીય અજાણી મહિલાને ટકકર મારી મોતને ઘાટ ઉતારી દીધી હતી. અકસ્માત સર્જીને વાહન લઈ ચાલક રફફુચક્કર થઈ ગયો હતો. ઈન્ફોસીટી પોલીસે મૃતદેહ પી.એમ. કરાવી હીટ એન્ડ રન મામલે ગુનો નોંધી ફરાર કાર ચાલકની ધરપકડ કરવા તેના વાહનનો નંબર મેળવવા તજવીજ શરુ કરી છે. તો બીજી તરફ મૃતકની ઓળખ માટે તપાસ શરુ કરવામાં આવી છે. જો કે હજુ સુધી મૃતકની ઓળખ પણ થઈ શકી નથી કે આરોપી સુધી પહોંચવા કોઈ કડી પણ મળી ન હોવાનું જાણવા મળ્યું છે. ઈન્ફોસીટી પોલિસે બનાવના સમય આધારે હાઈવે પરના સીસીટીવી કેમેરાના ફુટેજ મેળવવા કાર્યવાહી હાથ ધરી છે.

# શહેરના ઘ-૭ પાસે દબાણ ટીમનો સપાટો

**સે-૨ અને સે-૩૦માંથી પણ લારી-ગલ્લા તેમજ ઝુંપડાના દબાણ દુર કરાયા**





ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરમાં દબાણનો પ્રશ્ન નાગરીકો તેમજ તંત્રના અધિકારીઓને સતાવી રહ્યો છે. શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરના આંતરીક માર્ગો સહિત પડતર પડેલી સરકારી જમીન પર દબાણકર્તાઓએ અજગરી ભરડો લીધો છે. ત્યારે મહાનગર પાલિકાની દબાણ ટીમ સેકટર-૨૯ પ્રેસ સર્કલ, સે-૩૦ તેમજ સે-૨ સહિતના વિસ્તારોમાંથી ૩૦ જેટલા ઝુંપડાના તેમજ ૫ લારી ગલ્લાના દબાણ દુર કરાયા છે. દબાણ ટીમે ફરીવાર સપાટો બોલાવતા શહેરમાં દબાણકર્તાઓમાં ભય વ્યાપી જવા પામ્યો છે.

ગાંધીનગર શહેરમાં ફરીવાર દબાણ હટાવ ઝુંબેશ શરુ થઈ હોય તેમ લાગી રહ્યું છે. દબાણ અધિકારી મહેશ મોડના નેતૃત્વમાં દબાણ ટીમે વિવિધ સ્થળો પર દબાણનો સફાયો કર્યો હતો. આજે દબાણ ટીમ સેકટર-૨૯ પ્રેસ સર્કલ તેમજ આસપાસના વિસ્તારમાં ત્રાટકી હતી. અચાનક દબાણટીમ આવતા ઝુંપડાધારકોમાં નાસભાગ મચી જવા પામી હતી. ઉનાળાની અંગ દઝાડતી ગરમીમાં પોતાના નાના બાળકોને કયાં રાખવા તે ગરીબો માટે મુજવતો પ્રશ્ન હતો. ઘ-૭ વિસ્તારમાં નાના મોટા ૨૫ જેટલા કાચા-પાંકા દબાણો ટીમ દ્વારા દુર કરાયા હતા. જયારે દબાણ ટીમ આગળ વધતા સેકટર -૩૦ મા પહોંચી હતી અને ત્યા પણ લારી ગલ્લાના દબાણો દુર કરાયા હતા. જયારે સાંજે સે-૨ માં દબાણ ટીમ ત્રાટકતા સેકટરમાં રહેતા શ્રમિક પરિવારોમાં ફફળાટ ફેલાઈ જવા પામ્યો હતો. પોતાનો સામન સલામત સ્થળે મુકવા દોડાદોડી કરતા હતા. સેકટરમાંથી ઝુંપડા ધારકો તેમજ લારી ગલ્લાના દબાણ પણ દુર કરાયા હતા. જેને પગલે વસાહતીઓએ રાહત અનુભવી હતી. પરંતુ દબાણની આ ઝુંબેશ આગામી સમયમાં પણ વિવિધ સેકટરોમાં જયાં પણ ઝુંપડા તેમજ કાચા-પાકા છાપરા તેમજ સરકારી જમીનમાં લારી ગલ્લા મુકીને નાગરીકોને અડચણરુપ હશે ત્યાં દબાણ વિભાગની ટીમ ત્રાટકીને શહેરને દબાણ મુકત કરશે તેમ દબાણટીમના વડા મહેશ મોડે જણાવ્યું છે.

## શહેરની કેટલીક ખાનગી ડેરીઓના દુધના સેમ્પલ તંત્ર દ્વારા લેવાયા

ગાંધીનગર, તા.૫

ગુજરાત રાજયના આરોગ્ય વિભાગ દ્વારા નાગરીકોના સ્વાસ્થયને લઈને વિવિધ ડેરીના દુધના નમુના લેવાનું જણાવતા સ્થાનિક રાજયના વિવિધ જિલ્લામાં સ્થાનિક તંત્ર દ્વારા છુટક દુધનો વેપાર કરતા વેપારીઓ પર તંત્રના અધિકારીઓની ટીમ ત્રાટકી હતી અને દુધના સેમ્પલ લેવાયા હતા. રાજયભરની કેટલીક મોટી ડેરીઓ સહિત નાના વેપારીઓના ત્યાંથી દુધના સેમ્પલ લઈને દુધ ચકાસણી માટે મોકલી અપાયા છે. નાગરીકોને પીવા માટે દુધ યોગ્ય છે કે નહી તેની ચકાસણી માટે ખાસ તકેદારી લેવાઈ છે. ત્યારે આજે ગાંધીનગર શહેરના સેકટરોમાં કાર્યરત કેટલીક ડેરીઓના દુધના નમુના મનપાના તંત્ર દ્વારા લેવામાં આવતા વેપારીઓમાં ભય ફેલાયો હતો. ત્યારે મનપા તંત્ર દ્વારા દુધના સેમ્પલ લઈને લેબોરેટરી ખાતે મોકલી આપવામાં આવ્યા હતા. જેને પગલે શહેરના વેપારીઓમાં ભય વ્યાપી જવા પામ્યો હતો.

શહેરના સેકટરોમાં કાર્યરત ખાનગી ડેરીના વેપારીઓ ગ્રામ્ય વિસ્તારની ડેરી અથવા પશુપાલકો પાસેથી ડાયરેકટ દુધ લાવે છે. દુધ ગાયનું છે કે ભેંસનું તે પણ જોવાની તકેદારી લેતા નથી. પ્રાપ્ત માહિતી મુજબ સફેદ દુધનો કાળો કારોબાર ચાલે છે. શું તમે દુધ પીવો છે તે પીવા માટે યોગ્ય છે કે કેમ.. દુધના ફેટ વધારવા માટે વેપારીઓ પામતેલનો ઉપયોગ કરે છે. ત્યારે આ પામતેલના ઉપયોગથી દુધના ફેટ ૪ ના સ્થાને ૮ થઈ જાય છે. દુધમાં ભેળસેળ કરીને ફેટ વધારવામાં આવે છે. આરોગ્ય વિભાગ દ્વારા રાજયની કેટલીક મોટી ડેરીઓ તેમજ જિલ્લાઓમાં કાર્યરત તમામ શહેરો સહિતના વિસ્તારમાં છુટક દુધનો વેપાર કરતા વેપારીઓ પર આરોગ્ય વિભાગ ત્રાટક્યુ હતું અને દુધના સેમ્પલ લઈને લેબોરેટરી ખાતે મોકલી અપાયા હતા. ત્યારે ગાંધીનગર શહેરમાં પણ સવારના સમયે મનપા વિભાગની આરોગ્ય ટીમ છુટક દુધનો વેપાર કરતા વેપારીઓના ત્યાંથી દુધના નમુના લીધા હતા અને દુધ લેબોરેટરી માટે મોકલી આપવામાં આવ્યું હતું. અચાનક તંત્રના દરોડાને પગલે વેપારીઓમાં ભય પ્રસરી જવા પામ્યો હતો. તો કેટલાક વેપારીઓએ પોતાની દુકાનો પણ સમય કરતા મોડી ખોલી હતી.

# વિકાસરૂટની શહેરી બસોને પેથાપુર સુધી લંબાવવા માંગ

**આ માર્ગ ઉપરના રહીશો, નોકરીયાત તેમજ વિદ્યાર્થીઓને અમદાવાદ તરફ જવા ભારે હાલાકી : ફરજીયાત ઘ-૭, ૬, ૫ કે પથિકા જવું પડે છે**

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે વિકાસરૂટથી ફરતી શહેરી બસો બંને શહેરના લોકો માટે આર્શીવાદરૂપ બની છે. આ વિકાસરૂટનો લાભ ગાંધીનગર પંથકના પેથાપુરનો મળતો નથી જેથી આ રૂટનો પીકઅપ પોઈન્ટ પેથાપુર થાય તેવી માંગ પ્રબળ બની છે. આ માર્ગ ઉપર મોટી સંખ્યામાં લોકોનો વસવાટ થયો છે તેમજ પેથાપુરના ગ્રામજનો, નોકરીયાત વર્ગ અને અભ્યાસ અર્થે અમદાવાદ જતા કે ગાંધીનગર આવતા વિદ્યાર્થીઓને હાલ મુસાફરી માટે ભારે હાલાકીનો સામનો કરવો પડે છે જેથી આ અંગે તંત્રને લેખિતમાં જાણ કરી માંગ કરવામાં આવી છે.

ગાંધીનગરથી સંકળાયેલા પેથાપુરમાં રહીશોની સંખ્યા દિન પ્રતિદિન વધી રહી છે વધુમાં જીઈબી કોલોનીમાં પણ મોટી સંખ્યામાં લોકો વસવાટ કરે છે. જયારે સેકટર-૨૮માં આવેલી સરકારી એન્જીનીયરીંગ કોલેજમાં પણ વિદ્યાર્થીઓ બહારથી અભ્યાસ અર્થે આવે છે. તેમજ નવી આકાર પામેલી સોસાયટી, ફલેટ વગેરેમાં પણ લોકોનો વસવાટ વધ્યો છે. આ તમામ સ્થળોએથી નોકરીયાત વર્ગ, વિદ્યાર્થીઓ અને રહીશો અમદાવાદ તરફ દૈનિક મુસાફરી કરતા હોય છે પરંતુ અમદાવાદ તરફ જવા માટે એસટીની મુસાફરી કરવા ફરજીયાત ઘ-૭, ૬, ૫ કે ૨૮ના પીકઅપ સ્ટેન્ડે આવવું પડે છે જેમાં વધારાનો મુસાફરી ખર્ચ અને સમય બગડે છે.

સરકાર દ્વારા વિકાસરૂટના નામે અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે શહેરી બસ સેવા કાર્યવન્ત કરાઈ છે જેને જવલંત સફળતા મળી છે અને મુસાફરોને ખુબ જ રાહત થઈ છે પરંતુ ગાંધીનગર સાથે સંકળાયેલા પેથાપુર અને તે માર્ગ ઉપર રહેલા લોકો આ સેવાથી વંચિત રહીને હાલાકી ભોગવી રહ્યા છે આ વિકાસરૂટની શહેરી બસો પેથાપુર સુધી લંબાવવા માંગ થઈ છે જે અંગેનું લેખિત જિલ્લા કલેકટરને આપવામાં આવ્યું હતું. જેમાં કલેકટરે આ અંગે વિભાગીય નિયામકને જાણ કરી હતી અને વિભાગીય નિયામકે સચિવાલય પોઈન્ટ સર્વિસનું સંચાલન અનિયમિત થવાની સંભાવના એ માંગ નકારી નાંખી છે જેના પ્રત્યાઘાત સ્વરૂપે લોકોમાં નારાજગી પ્રવર્તી છે.

